ટેલિફોન: 0300 3000 007
ઈ-મેલ: lpt.sais@nhs.net

Leicestershire Partnership
NHS Trust

Room 100/110 Pen Lloyd
Building
County Hall
Leicester Road
Glenfield
Leicestershire
LE3 8RA

Tel: 0116 225 6000
www.leicspart.nhs.uk

પ્રિય માતા-પિતા/કાળજી રાખનાર અને યંગ પર્સન (સગીર વ્યક્તિ),

**વિવિધ કેન્સર સામે રક્ષણ આપવા માટે હ્યુમન પેપિલોમાવાઇરસ (HPV) રસીકરણ**

અમે શાળા વર્ષ 8 ના તમામ સગીર વ્યક્તિઓ (ઉંમર 12 થી 13 વર્ષ)ને, હ્યુમન પેપિલોમાવાઇરસ (HPV) સામે રક્ષણ મેળવવામાં મદદ કરે તેવું એક અગત્યનું રસીકરણ કરાવવાની રજૂઆત કરીએ છીએ. આ એક સામાન્ય વાઇરસ છે જે પુરુષો અને સ્ત્રીઓમાં અમુક કેન્સરો થવાના જોખમમાં વધારો કરે છે. HPV ને કારણે થતા કેન્સરોમાં સર્વાઇકલ કેન્સર, મોઢા અને ગળાના અમુક કેન્સરો, તેમજ ગુદામાર્ગ અને જનનાંગ વિસ્તારના અમુક કેન્સરોનો સમાવેશ થાય છે.

HPV ચેપ ખૂબ સામાન્ય છે અને રસીકરણ ન કરાવેલા 70% થી વધુ લોકોને તે થાય છે. HPV ત્વચાથી ત્વચાના સંપર્ક થકી ફેલાય છે. HPV ની જુદીજુદી અનેક જાતો છે; જેમાંની મોટાભાગની બિનહાનિકારક હોય છે, પરંતુ અમુક દૂર થતી નથી અને કેન્સરમાં પરિણમી શકે છે અથવા જનનાંગના મસા નીપજાવી શકે છે.

HPV ની રસી **વિનામૂલ્યે, સલામત અને અસરકારક** છે. જ્યારથી આ રસીનો ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારથી HPV સાથે સંકળાયેલી હોય તેવી સ્વાસ્થ્ય સ્થિતિઓ થઇ હોય તેવા લોકોની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે, અને સંશોધન સૂચવે છે કે આટલી વહેલી ઉંમરથી HPV મૂકાવવાથી UK માં હજારો જીવન બચાવવામાં મદદ મળશે. HPV-સંબંધિત કેન્સરો સામે ભવિષ્યમાં સુરક્ષિત રહેવાનો સૌથી ઉત્તમ ઉપાય શાળામાં રસી

મૂકાવવાનો છે. તે ઉપલા બાહુમાં ઝડપથી આપવામાં આવે છે, અને ફક્ત એક માત્રા આપવાની જરૂર હોય છે. કૃપા કરીને નોંધશો કે આ રસીઓમાં કોઈ જીલેટિન અથવા આલ્કોહોલ નથી હોતું. વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: tiny.cc/hpvleaflet

## સંમતિ પ્રક્રિયા સંબંધિત અગત્યનો ફેરફાર: યંગ પર્સન (સગીર વ્યક્તિ) હવે રસીઓ માટે સંમતિ આપી શકે છે.

જો અમને નીચેની પ્રક્રિયાનો ઉપયોગ કરીને રસીકરણ માટે માતા-પિતા અથવા કાળજીપ્રદાતા તરફથી સંમતિનો નિર્ણય ન મળે, તો અમે સગીર વ્યક્તિને તે દિવસે રસીકરણ માટે સ્વયં-સંમતિ આપવા માટે પરવાનગી આપી શકીએ. અમે આ તક 8 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના સગીર વ્યક્તિઓને જ રજૂ કરીએ છીએ, જેમણે યોગ્ય રસીકરણ માહિતી વાંચી હોય અને જેમનું મૂલ્યાંકન સ્વાસ્થ્ય વ્યવસાયિક દ્વારા કઈ બાબતો સામેલ છે તેનો પૂરી રીતે ખ્યાલ આવતો હોવાની પૂરતી સમજણ ધરાવનાર તરીકે થયેલું હોય. જેઓ રસીકરણ પ્રાપ્ત કરવા માટે સ્પષ્ટપણે અનુકૂળતા ધરાવતા હોય તેમને જ તે આપવામાં આવશે.

જો માતા-પિતા અથવા કાળજીપ્રદાતાઓએ પ્રતિસાદ આપ્યો હોય અને સંમતિ નકારી હોય, તો સગીર વ્યક્તિ તે નિર્ણયની ઉપરવટ જઈ શકશે નહિ, અને તેમનું રસીકરણ કરવામાં આવશે નહિ. હંમેશની જેમ, અમે સગીર વ્યક્તિઓ અને તેમના માતા-પિતા તથા કાળજી પ્રદાતાઓને ઉપલબ્ધ કરાવવામાં આવેલા રસીકરણ વિશે વાતચીત કરવા અને સાથે મળીને ફોર્મ (પત્રક) ભરવા માટે પ્રોત્સાહન આપીશું.

સંમતિ વિશે વધુ માહિતી અહીં મળી શકે છે: www.leicspart.nhs.uk/service/schoolagedimms અથવા તમે આ વિડીયો નીચે બતાવ્યા પ્રમાણે જોઈ શકો:




**રસીકરણો અને સંમતિને સમજવી**

tiny.cc/vaccinationsandconsent




**અમારા ક્લિનિકલ લીડ સ્વયં-સંમતિ સમજાવે છે**

tiny.cc/selfconsent

જો તમે સગીર વ્યક્તિનું રસીકરણ થાય તેમ ન ઇચ્છતા હોય તો પણ અમને જણાવી શકો છો.

## **રસીકરણ માટે તમારો સંમતિ નિર્ણય કેવી રીતે આપવો**

- તમારી શાળા માટેના કોડને નોંધી લેશો. [**School name**] માટે શાળા કોડ [**School code**] છે
- www.leicsandrutlandimms.co.uk ની મુલાકાત લો અથવા તમારા સ્માર્ટફોનના કેમેરાનો ઉપયોગ કરી QR કોડ સ્કેન કરીને સીધા વેબસાઇટ પર જાઓ.
- **હ્યુમન પેપિલોમાવાઇરસ** (HPV) પસંદ કરો અને શાળા કોડ દાખલ કરો.
- સંમતિ નિર્ણય વાળા પાના ઉપર, કૃપા કરીને આ પસંદ કરો:
  - હું ઇચ્છું છું કે સગીર વ્યક્તિ રસીકરણ પ્રાપ્ત કરે.
  - હું ઇચ્છું છું કે સગીર વ્યક્તિ રસીકરણ પ્રાપ્ત ન કરે.
- જેવું પત્રક જમા થઈ જાય એટલે તમને ઈ-મેલ થકી પુષ્ટિ મળશે.

જો તમે ઑનલાઇન પત્રક ભરવામાં અસમર્થ હોવ, તો કૃપા કરીને અમને **0300 3000 007** પર કૉલ કરશો અથવા તમારી સંપર્ક વિગતો સાથે **lpt.sais@nhs.net** પર ઈ-મેલ કરશો. જો તમારી સંમતિના નિર્ણય અંગે તમે પોતાનો વિચાર બદલો, તો તેમાં ફેરફાર વિશે કૃપા કરીને ઉપર આપેલા નંબર પર અમને કૉલ કરશો.

તમારી સ્કૂલ તમને જણાવશે કે રસીકરણ સત્ર ક્યારે યોજાવાનું છે. **રસીકરણ સત્ર યોજાવાના એક કામકાજી દિવસ પહેલાં સંમતિ પ્રણાલી બંધ થશે.** તમે તે દિવસે સંમતિ પત્રક જમા કરાવી શકશો નહિ.

આપનો/આપની ભવદીય,

સ્કૂલ એજેડ ઇમ્યુનાઇઝેશન સર્વિસ


# HPV રસી કેવી રીતે કામ કરે છે?

| રસી વિના | રસી સાથે |
|---|---|
| હ્યુમન પેપિલોમા વાઇરસ (HPV) ધરાવતી વ્યક્તિ | રસીકરણથી HPV ના ઊચ્ચ-જોખમ વાળા મુખ્ય પ્રકારો – HPV16 અને HPV18 સામે રક્ષણ મળે છે. |
| HPV ના ઊચ્ચ-જોખમ વાળા પ્રકારો DNA ને નુકસાન પહોંચાડી શકે છે | વ્યક્તિને HPV16/HPV18 નો ચેપ લાગ્યો નથી |
| આનાથી કોષો અનિયંત્રિત રીતે વિભાજિત થઇ અને વૃદ્ધિ પામી શકે છે | કોષોને નુકસાન થવાની ઓછી શક્યતા |
| આ કેન્સરમાં પરિણમી શકે છે | આપણને કેન્સરના ઓછા કિસ્સાઓ જોવા મળશે |

**HPV ચેપ સામે રક્ષણ આપીને, આપણે કોષમાં ફેરફારને નિવારી શકીએ છીએ અને કેન્સરનું જોખમ ઘટાડી શકીએ છીએ.**


**આપણે સાથે મળીને કેન્સરને હરાવીશું**

CANCER RESEARCH UK

| વારંવાર પૂછાતાં પ્રશ્નો | |
|---|---|
| કઇ રસી ઑફર કરવામાં આવી રહી છે? | HPV માટેની રસી Gardasil9 છે.<br>આ રસીઓમાં **કોઇ જીલેટિન અથવા આલ્કોહોલ નથી હોતું.** |
| મને આ હાલના સમયે કેમ રજૂ કરવામાં આવી રહ્યું છે? | HPV રસી મૂકાવવાનો સૌથી ઉત્તમ સમય સગીર વ્યક્તિ જાતીય રીતે સક્રિય બને તે પહેલાં છે. આ સુનિશ્ચિત કરે છે કે રસી તેમને જીવનભર સૌથી અસરકારક સલામતી પુરી પાડશે. જો કોઇ સગીર વ્યક્તિ જાતીય રીતે સક્રિય હોય તેવા કિસ્સામાં પણ, એવી ભારપૂર્વક ભલામણ કરવામાં આવે છે કે તેઓ રસી મૂકાવે. |
| આડઅસરો કઇ છે? | તમામ દવાઓની જેમ, આ રસી આડઅસરો નીપજાવી શકે છે, જોકે તે બધાને નથી થતી. સગીર વ્યક્તિઓને ઇન્જેક્શન અપાયાની જગ્યાએ સહેજ લાલાશ થઇ શકે. વધુ માહિતી માટે, કૃપા કરીને રસી ઉત્પાદ ચોપાનિયાં વાંચશો. |
| હું રસી ઉત્પાદ વિશેનું લીફલેટ (ચોપાનિયું) ક્યાં વાંચી શકું? | વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: tiny.cc/hpvpil |
| શું મને આ માહિતી વિડીયો સ્વરૂપમાં મળી શકે? | અમારી એક નર્સ પાસેથી રસીકરણ વિશે વાત સાંભળશો:<br>tiny.cc/hpvinfo<br> |
| સગીર વ્યક્તિ રસીકરણ માટે કેવી રીતે તૈયારી કરી શકે? | HPV રસી વિશે અમારું એનિમેશન અહીં જુઓ:<br>tiny.cc/HPVanimation<br> |
| સગીરને સોઇનો ડર છે, શું કોઇ ટેકો ઉપલબ્ધ છે? | તમે આ માહિતી તમારા સંમતિ પત્રકમાં સામેલ કરી શકો છો, અને તે જોઇને અમારી ટીમ ટેકો આપવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે. |

| | |
|---|---|
| | આ વિડીયો સગીર વ્યક્તિઓને તેમના રસીકરણ અનુભવ વિશે આશ્વાસન અપાવવામાં મદદ કરી શકે: tiny.cc/reassurance – ત્યાં આ વિડીયો પણ છે: tiny.cc/toptipsforvaccinations |
| તે બતાવે છે કે ઇ-મેલ એડ્રેસ મેળ નથી ખાતું અથવા તે શાળા કોડને ઓળખતું નથી. | એ ખાતરી કરો કે ઈ-મેલ એડ્રેસ અને શાળા કોડની આગળ અથવા તેના પછી સ્પેસ (ખાલી જગ્યા) અથવા વિરામચિહ્નો ન હોય. |
| જો સત્રના દિવસે સગીર વ્યક્તિ ગેરહાજર રહે અથવા બીમાર હોય તો શું? | રસીકરણ માટે એક વધારાની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ શું છે? | વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: www.nhs.uk/conditions/vaccinations |

**તમે અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ રસીકરણ વિશે પણ જાણી શકો છો:**





tiny.cc/hpvinfotranslations

**જો તમે આ માહિતી અન્ય કોઈ ભાષામાં ઇચ્છતા હોવ, તો અહીં મુલાકાત લેશો:**
**www.leicspart.nhs.uk/service/schoolagedimms**

| | |
|---|---|
| અરબી | ذا كنت ترغب في قراءة هذه الرسالة بلغة أخرى، قم بزيارة موقعنا على الإنترنت |
| ગુજરાતી | જો તમે આ પત્ર ગુજરાતીમાં વાંચવા માંગતા હો તો અમારી વેબસાઇટ પર જાઓ |
| પોલિશ | Jeśli chcesz przeczytać ten list w innym języku, przejdź na naszą stronę. |
| પંજાબી | ਜੇ ਤੁਸੀਂ ਇਸ ਪੱਤਰ ਨੂੰ ਕਿਸੇ ਹੋਰ ਭਾਸ਼ਾ ਵਿੱਚ ਪੜ੍ਹਨਾ ਚਾਹੁੰਦੇ ਹੋ ਤਾਂ ਸਾਡੀ ਵੈੱਬਸਾਈਟ 'ਤੇ ਜਾਓ |
| સોમાલી | Haddii aad jeclaan lahayd inaad ku akhrido warqadan luuqad kale, booqo boggayaga internetka |
| ઉર્દૂ | اگر آپ اردو میں یہ خط پڑھنا چاہتے ہیں تو ہماری ویب |
| યુક્રેનિયન | Якщо ви хотіли б прочитати цей лист іншою мовою, відвідайте |